जादुगर.

ગર્વનિષેધક

એક રમુજી વારતા.

દોહરા, ચોપાઇ ને છપ્પામાં.

રચી પ્રસિદ્ધ કરનાર,

પરબતસીંગ હમીરસીંગ.

કન્યાશાળાના આ. માસ્તર.

તથા

રામશંગ માનશંગ ગરાશીઆ.

"સંગીત રામરાવણ નાટકના કર્તા."

અમદાવાદ

ટંકશાળમાં "યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ" માં

ઘેલાભાઇ નરસિંહદાસે છાપી.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૪.

કિંમત ૩ આના.

અર્પણપત્ર.

રા. રા. નંદલાલ હરગોવિંદદાસ, વકીલ.

મુ. વડોદરા.

સવૈયા.

નંદલાલ નૌતમ ગુણસાગર વકીલમાં પ્રખ્યાત પ્રમાણ,
વીરક્ષેત્રમાં વાસ વસોછો દયા દાન દીનતની ખાણ;
સુશીલ સજ્જન કદરદાન સન્માન કરે કોવીદનું સાર,
નવીન રચી **જાદુગર** અર્પું સ્નેહ સહિત કરશો સ્વીકાર. ૧
ડાંપણના ભંડાર સારછો શાન્ત સ્વભાવવડે શોભંત,
મન માયાળુ દિલ દયાળુ ચંચળ ચીતવડે ઓપંત;
દુર કરી દુરગુણ સદગુણના સદાકાળ સંગૃહ કરનાર,
નવીન રચી **જાદુગર** અર્પું સ્નેહ સહીત કરશો સ્વીકાર. ૨
તન મન ધનથી વીદ્યા વૃદ્ધી કરી દેશીનું હીત ચાહનાર,
સ્વદેશની ઇચ્છો આબાદી ધર્મ કૃત્ય ચાંહે થાનાર;
ગુજરાતે ગુણવાન મેલવ્યું માન દાન દીનને દેનાર,
નવીન રચી **જાદુગર** અર્પું સ્નેહ સહિત કરશો સ્વીકાર. ૩
વડા વિવેકી શેઠ હૃદયની નેટ લાગણી ઉભરાઇ જાય,
ઝણોરવાશી **રામશંગ** ને **પરબત** પ્રેમ થકી ગુણ ગાય;
નથી યોગ્ય વદવું વદનથી પણ ઉરમાંછે આશ અપાર,
નવીન રચી **જાદુગર** અર્પું સ્નેહ સહીત કરશો સ્વીકાર. ૪

તા. ૧૪–૪–૯૪

જાદુગરની વારતા.

રેવા મા તું માતજ મારી પ્રીતે કરૂં પ્રણામ,
અમર કંટક આપ વસોછો નવે ખંડમાં નામ;
નવે ખંડમાં નામજ તારૂં ગુણ ગણવાનું ગજુ ન મારૂં,
ગૃંથ રચવા દે મતી સારી રેવા માતું માતજ મારી. ૪

દોહરો.

સરસ્વતી સમરૂં તને, પુજી લાગું પાય;
મે'ર કરો મુજ ઉપરે, લાવી ઉર દયાય. ૫
સીર નામી ઉમીયાપતી, વંદુ વાર હજાર;
વંદુ શંભુ સૂતને, આણી પ્રીત અપાર. ૬
આરાસુરી મા અંબીકા, નમું હું દ્દીકરજોડ;
નમું નમું કવિ સર્વને, કોઇમાં દેશો ખોડ. ૭
નથી કવિ હું કાવતો છું કવીયોનો દાસ;
સરસ્વતી મા માહરી, પુરો મનની આશ. ૮
આ સૃષ્ટમાં માનવી, કાળા ગોરા કોય,
લૂલાને વળી લંગડા, બે'રા પણ કો હોય.
રતાંધળાને આંધળા, મુંગા પણ લે જાણ;
અરે અભાગી જીવડા, ગર્વ રખે તું આણ. ૧૦
એછે સૌ ઈશ્વર કૃતી, સૃષ્ટીના સ્રજનાર;
માટે ચેષ્ટા કોઇની, ના કરવીજ લગાર. ૧૧
આપણ સારાછે સહુ (એ) પાડ પ્રભુનો જાણ;
ચેષ્ટા કરતાં કોઈ દીન, નક્કી થાયે હાણ. ૧૨
છકી ગએલો ગર્વમાં, જાદુગર એક જાણ;

ઘણા ઘણાને હેરવ્યા, જાદુમાંહ્ય પ્રમાણ. ૧૩
જતી એક આવી ચઢયો કરી મશ્કરી જાણ;
ચેષ્ટા કરતાં શું કરી, ખોયા પોતે પ્રાણ. ૧૪
ફારસ હું તેના કહું, વીસ્તારી આવાર;
સજ્જન સૂણજો સર્વ તે, એક ચિત્તથી યાર. ૧૫

ચોપાઇ.

મગધ દેશ મોહનપુર શે'ર રૂડા જ્ઞાની ઘે'ર ઘેર;
રાજ કરે સુરશેન પ્રમાણ, દેશો દેશે જેની આણ. ૧૬
મહા બુદ્ધીનો છે ભંડાર, વીસ્તાર્યો જશ અપરંપાર:
પ્રજા સહુ સુખીછે ઘણી, નીર્મળ ન્યાયે રાજાતણી. ૧૭
જૈન ધર્મના શ્રાવક અતી, જેનીછે મહા રૂડી મતી;
વસે તેહ એ પુર મોઝાર, રૂડી રીતે ચલવે વહેવાર. ૧૮
જીવ રક્ષા કરનારા સાર, ધર્મ ઉપર છે પૂરણ પ્યાર;
સાંજ સવારે દેરે જાય, જીનવરના પ્રીતે ગુણગાય. ૧૯
શ્રાવણ વદ બારશથી સાર, હતા પચુસણના તહેવાર;
હતો રૂડો બીજો તહેવાર, પુજા કરવા આવ્યા યાર. ૨૦
શ્રાવક સૌ દેરાની માહ્ય, ટોળી મળી બેઠાછે ત્યાંય;
ભેળો એક મશ્કરો ગયો, ચડી દાદરે મેડે રહ્યો. ૨૧
એને મન એવો વિચાર, ખુબ હસાવું હસવું યાર;
ધારી મન બેઠોએ એમ, જેમ ન જાણે બીજું તેમ. ૨૨
ઝીણાસુરે વાગે મરદંગ, પદ ગાયે આણી ઉમંગ;
મચ્યા થઇ તેમાં ગુલતાન, મરંદગીવાળેછે સાન. ૨૩
કોઇ ઝીણા સ્વરથી ખૂબ ગાય, કોઇ લેરમાં નમતા જાય;
કોઈ બરાડે પાડી બૂમ, ખરપેઠે કોઈ બેઠા સુમ. ૨૪
જુવાનને ઘરડાછે ઘણા, પુજામાં કંઇ ન મળે મણા;

ગાવાગાં બનીઆ ગુલતાન. એવે એક મચ્યું તોફાન. ૩૫

દોહરા.

ગયો અડપલો જે સમે, નથી જાણતા કોઈ;
વાંચનાર દીલમાં તમો, જાણો છો સૌ કોઈ. ૨૬
એણે શું કરીયું તહીં, આણી મન વિચાર;
જતી દેડકી ઝડપથી, ઝાલી લીધી યાર. ૨૭
હરખાયો ઉરમાં ઘણો, ભલી આવી આ હાથ;
કૌતક કરી હસાવવો સૌ, શ્રાવકનો સાથ. ૨૮
હતી જાળી એક મધ્યમાં, આવી બેઠો ત્યાંય;
શ્રાવકપણ ગુલતાન થઇ, મચ્યા છ ગાવામાંય. ૨૯
આણેશું કરીયું હવે, ધરજો ખાંતે ખ્યાલ;
જોર કરીને એકદમ, પાડી એક ચીકાલ. ૩૦
મરદંગી નોકર રહ્યો, પખાજપર નીરધાર;
ગાતા બંધ પડી ગયા, ચિત્ત પેઠો ચમકાર. ૩૧
કંસારાં કરથી પડયાં, નમળે તેનું તેનું ભાન;
મરદંગી મૂઠવાળીને, નાઠો લઇને પ્રાણ. ૩૨
ખાધો મારા બાપરે. ઓ પાછળ દો ધાય;
પડયું પોતીયું નીકળી, લેવા રહ્યો ન ત્યાંય. ૩૩
નાગો નાગો નાસતો, દડબડ દોટે યાર;
ઉભોરે કહી લોકપણ, પડીયા પૂઠળ સાર. ૩૪
કેમ કેમ તું કેમરે, નાગો નાસે યાર;
ભૂત બૂત પેશી ગયું, મુરખના સરદાર. ૩૫
પણ પેલો બોલે નહી ભય પામ્યોજ અપાર;
પડયો ઠેશ વાગી પગે, તે પૃથ્વી મોઝાર. ૩૬
છેટે બે હાથે કને, સૂતો તો એક શ્વાન;

ચમકી ચીત્તે ઉછળ્યો, કરડી ખાધો કાન. ૩૭
તેવે ભયથી પાડી બુમ, થઇ ગયો પેશાબ;
કુતરો જાણે મારશે, કરડી ખાધું નાક. ૩૮
એવા હાલ એના થયા, ડેરામાં શું થાય;
પેલો જાળીપર રહી, ખડખડ હસતો જાય. ૩૯
એને મન હસવું થયું, મરદંગીને હાણ,
નકટો ને બુચો થયો, રખે જાયરે પ્રાણ. ૪૦

ચોપાઇ.

શ્રાવક ભય પામ્યા દીલમાંહ્ય, આમતેમ સો જોતા જાય,
વદે કોઇ વદનેય વચન, એમાંશું ભય પામો મંન. ૪૧
ઠરી બેસો સો નીજ જગાય, એવું દેરામાં સંભળાય;
ઘોર ગર્જના દેરે થાય, તેમાંશુ ધ્રુજાવો કાય. ૪૨
મરદંગી બોલાવો આંહ્ય, કે જો કાંઈ નથીરે ત્યાંય,
એતો એવો ભણકારો થયો, તેમાં શું તું નાશી ગયો. ૪૩
એવી વાત કરે જેટલે, પાડી ચીશ પેલે તેટલે,
ઘણા જોરથી પાડી બૂમ ગતી વણીકની થઇ ગઇ ગુમ. ૪૪
પડી પાઘડી કોઇની હેઠ, ઉપર પેલો દાબે પેટ;
લઈ પાઘડી શારપર ધરે, કાછ કોઇની નીકળી પડે. ૪૫
તે ખોશે નીકળે પાટલી, એવે પાઘડી જાયે પડી;
આશું બોલ્યો વીપરીત વાત, આશું આજ થયો ઉત્પાત. ૪૬
થયો વૃદ્ધથી ત્યાં પેશાપ, કાયામાં પ્રગટ્યો છે કાપ;
પેલાનું હસવું નવ માય, લાગ પોતાનો જોતો જાય. ૪૭
બહુ ગાભરા બનીયા ત્યાંય, રખે ડરો કોઈ દીલની માંહ્ય;
બોલ્યો એવું ધીરજવંત, કહે દીલ નવ કરશો ચત ૪૮
શાંત થાઓ છાંડી ગભરાટ, જુઓ થયો શાથી ઉત્પાત.

કોઇ આમ તેમ જોતા જાય, કોઈની કાંપે થરથર કાય. ૪૯
કોઈ જઇ ખુણામાં જોય, પાછા વળતા ન મળે કોય;
વળી વૃદ્ધ મન કરી વિચાર, ઉંચું જોવા લાગ્યા યાર. ૫૦
પેલો ઉપર બેઠો જેહ, મનમાં દાવ વીચારે તેહ;
વૃદ્ધ મૂખ વીકાશી ભાગ, જુવે પેલાનો આવ્યો લાગ. ૫૧

દોહરા.

જુએ ધીરેથી જેટલે, વીચારી દીલમાંય;
પડતી મૂકી દેડકી, પડી મુખની માંય. ૫૨
ગટલઇને ઉતરી ગઇ, પેલી પેટની માંય;
પેલો કુટે પેટ ત્યાં, હવે થશે શું હાંય. ૫૩
શું થયું શું થયું કો કહે, પેલો બતાવે પેટ;
પડી દેડકી મૂખમાં, ઉતરી ગઈ તે નેટ. ૫૪
સોર ઘણો મુકયો કરી, થશે જીવ હીંસાય;
મરી જશે એ દેડકી, કરો કાંઈ ઉપાય. ૫૫
એવે આવ્યો એકને, પાસે બેઠો ત્યાંય;
જડબુ ફાડયું જોરથી, જોવાને મુખ માંય. ૫૬
મેર રાંડના મુકની, મુખમાં તે શું જોય;
છે તે મારા પટમાં, તું કોઇ મૂરખ હોય. ૫૭
ધણી કુદે નખ વાગતા, તમતમ તે અકળાય;
પેટ કુટે પૃથ્વી વીશે, પછાડતો તે પાય. ૫૮
દુર રહો સઘળા તમે, મુરખના સરદાર;
દુખ દેવા શું શેઠને, બેઠા છો આવાર. ૫૯
એવું કહી આવ્યો કને, બડબડતો મુખ એક;
ઉપાય તો સુઝે નહીં, ખસો વેગળા છેક. ૬૦
વધુ વાર થઇ દેડકી, મરી જશે જો માંય;

પછી જીવવું આપણું, છે જગ માંહી વૃથાય. ૬૧
અક્ષીર એક ઉપાય છે, સુઝે ન કરવો સોર;
મુરખો કહું તે સાંભળો, મુકો માથા ફોડ. ૬૨
જીવ હીંસા કરવી નહીં, લખ્યું ધર્મમાં નેટ;
બોલાવો નાપીકને, ચીરે શેઠનું પેટ. ૬૩
ઝટ નીકળશે દેડકી, જીવ હીંસા નવ થાય;
અતી તર્કથી બોળીયો, અક્ષીર એહ ઉપાય. ૬૪
પડી શેઠ સાહેબને, સુણી વાત એ ફાળ;
તર્કજ તારો દાટ તું, બુદ્ધિ તારી બાળ. ૬૫
આવ્યો ડા'પણ ડો'ળવા, કરવાને પતરાજ;
ચીરાવ તારા બાપનું. પેટ રાંડના આજ. ૬૬
એવું બોલ્યા શેઠ જ્યાં, ચડયો પેલાને કાળ;
જોતો મુખ વીકાશીશું. બુદ્ધી તારી બાળ. ૬૭
મેર રાંડના માહરે, એમાં છે કે શુંય;
ઈચ્છું રૂડું તાહરૂં, તેમાં ખીજે તુંય. ૬૮
વીચારવંતો બોલતો, આવ્યો તેની પાસ;
રૂડું શું ઇચ્છે કહે, પામે શેઠ વીનાશ. ૬૯
તેં તેં તું કરતો નહીં, ડા'પણ તારૂં ડાટ.
એમ કહીને ઉઠીઓ, મારી તેને લાત. ૭૦
મલ પેઠે બાઝી પડયા, પડ્યા શેઠ એક પાશ;
જીવ હીંસાને વીસરી, રાખી નહીં કચાશ. ૭૧
હતો ગોરજી મેડીએ, શ્રવણ કરી ઉત્પાત;
ઝટપટ નીચે આવીયો, પાડયા એને શાંત. ૭૨

ચોપાઇ.

કહે ગોરજી શાથી લડયા, કેમ્ર શેઠ વચ્ચે આ પડયા;

વીચારવંતો બોલ્યો સહી, પેડી દેડકી પેટજ મહી ૭૩
તેથી સુતા છે એ શેઠ, ચીરાવતો તો પેલો પેટ;
જીવ હીંસા પોતે પાળવા, શેઠજીને નિશ્ચે મારવા. ૭૪
કહ્યું મેં એથી મરશે શેઠ, જીવ હીંસા નવ ઉગરે નેટ;
તપી ગયો મન આણી તાપ, પધારીઆ એટલામાં આપ. ૭૫
જીવ હીંસાની ચીંતા થાય, ટરો હોય તમ પાસ ઉપાય;
પેટ શેઠનું ચીરવું નહીં, ઉગારવી દેડકીને સહી. ૭૬
કહે ગોરજી સૌને ત્યાંય, વીચારી પોતે દીલમાંય;
બચે દેડકી ઉગરે શેઠ, ઉપાય છે મુજ પાસે નેટ. ૭૭
એમ કહી આપ્યું ઔષધ, પાયું શેઠજીને ત્યાં સદ્ય;
થયો રેચ થઇ એકજ ઘડી ઝટ પેલી જીવતી નીકળી. ૭૮
શ્રાવક સૌ આનંદ્યા મંન કહે ગોરજીને ધનધન;
ગયા પછી તે સૌ નીજ ઘેર, કહે બની દેરે જે પેર. ૭૯
સુણી અચંબો પામ્યા સહુ કરે વખાણ તેના શું કહું;
ચેલો પણ હોશે હુશીયાર, નહી ફેર કે તેમાં ફાર. ૮૦
ભણતરમાં કંઇ બાકી નહીં, રોજ વખાણ સંભળાવે સહી;
શ્રાવક સૌ આનંદે ફરે, જતી ધંન મુખથી ઉચરે. ૮૧
ગર્વ નથી ધરતો ગોરજી, ગર્વ ધરે જાદુગરજી;
તેપણ રહે એ પુરમોઝાર, સુણજો સૌ શ્રોતા નરનાર, ૮૨
છેક છકેલો અપરંપાર, કોઇને નવ ગણતોજ લગાર;
ફુલ્યોફુલ્યો પુરમાં ફરે, તેનાથી સૌ દીલમાં ડરે. ૮૩
રખે કંઇ એ જાદુ કરે, તો આપણનું શું ઉગરે;
એવી લાગે એની બીક, હૈયામાં પામેલા હીક. ૮૪
જાદુગર કોઈ આવી ચડે, ચેશ ખબર જો એને પડે;
ગર્વ ઘોડે બેસી ઉપડે, જાદુથી તે સાથે લડે. ૮૫

એમ અતી હરવી ચકચુર, બની ગયો છે ગરવે પુર;
મનમાં ધારે મુજસમ કોઇ. નથી અવર દુનીયાની માંઈ. ૮૬
થઇ જતીની એને ખબર, પોતાથી જે છે મહા જબર;
ધાર્યું મનમાં ધડવો ઘાટ, ટળશે મુજ ત્યારે ઉચાટ. ૮૭
તેને ઘેર એક કૌતક થાય, રોજ લોટ વાંદર ખઈ જાય;
પડી ટેવ એવી લંગુર, લોટ લઇ જઇ બેસે દુર. ૮૮
પછી નીરાંતે પેલો ખાય, તેમ તેમ પેલી ખીજવાય;
મનમાં ધારે આવે હાથ, રાખું નવ હું કશી કચાશ. ૮૯
પછી રોટલા શેના ઘડે, એવે જાદુગર આવી પડે;
ચાલ ચાલ થાયે છે વાર. કહે પીરશ તું ઝટપટ નાર. ૯૦
પીરસુ મારૂં શુંય કપાળ. રોયો વાનર મારો કાળ;
આજ લોટ પણ ખાઇ ગયો, લાંઘેણો બે પુરી થયો. ૯૧
સુણતામાં ઉઠી છે જ્વાળ, જાદુગરને ચડીઓ કાળ;
બેઠેલો તે ઉભો થયો, શીર ચોટલો કરથી ગૃહ્યો. ૯૨

છપ્પો.

નીંદ્રા આવે નયન, શયન સુકામાં કરશે;
વ્યભીચારી જન જેહ, ખાટ ભગની નવ જોશે.
અતી તૃષાતુર જેહ, ઢેડ જળ પીવા ધારે;
પેટ બળેલો આપ, પાપ કાંઇ ન વીચારે;
પેટ બળેલો પલકમાં, મરે કે પોતે મારશે;
કહે પરબત પેટ બળ્યો કદી, ગામજ નક્કી બાળશે. ૯૩

દોહરા.

શ્રોતા પેટ બળ્યો પછી, જાદુગરછે જેહ;
શીર શ્રોટલો ઝાલીને, મચ્યો મારવા તેહ. ૯૪
બુમરાણ પેલી કરે, મારો છે શો વાંક;

પીટયો વાંદર સોટ સો, ખાઈ ગયોછું રાંક. ૯૫
પણ પેલો મુકે નહીં, પેટ બળ્યો નીરધાર;
વાત એટલેથી રહી, બને શું પુરમાં યાર. ૯૬

છપ્પો.

જાદુગર એક જાણ, ધરી એ પાસે ડાલી;
દાઢી આબુની ઝાડી, કહું રંગે ખુબ કાલી;
વળ દઈ આંટાદાર. પાઘશીર મોટી ઘાલી;
મુખપર લાંબી મુછ, મઝેની વંકજ વાલી;
શી ધરી મુખ મોરલી કહું, સુતો નાગ જગાવીયો;
શો ભભક ભર્યો ડુગ ડુગ કરી, ભારે ઠાઠ મચાવીયો. ૯૭

દોહરા.

બેઠો પલવટ વાળીને, જાદુગર તે વાર;
મધુરી મધુરી મોરલી, બજાવતો ધરી પ્યાર. ૯૮

છપ્પો.

વાઈ વાંસળી કૃષ્ણ, સુની ગોપી મધુબનમેં;
વાઈ વાંસળી કૃષ્ણ, કામજવર ઉઠયો તનમેં;
વાઈ વાંસળી કૃષ્ણ, ભૂલી પલમેં કૈ ભાના;
વાઈ વાંસળી કૃષ્ણ, ધરી બેઠી તપ ધ્યાના;
વળી સુણી વાંસળી વૃજવધુ,-તણા પ્રાણ પરવશ પડ્યા;
મનમોહનજી વૃજરાજને, મળવાને તતપર થયાં. ૯૯
ભુલી ભામની ભાન, તાન બંસીનુ લાગ્યું;
ભુલી ભામની ભાન, અંગનું કૌવત ભાગ્યું;
ભુલી ભામની ભાન, ખાણુ બંસ વીરહાનળ;
ભુલી ભામની ભાન, સુધાથી મિષ્ટ વધુસ્વર;
વળી ભુલી ભામની ભાનને, મળવાને વેગે ધસે;

છે મોરલીનાદ મધુર ઘણો, સરવેના મનમાં વસે. ૧૦૦
બાજીગરની બંસી, વશી સરવેના મનમાં;
બાજીગરની બંસી, શીતળતા ઉપજે તનમાં;
બાજીગરની બંસી, અતી પ્રીય સૌને લાગી;
બાજીગરની બંસી, સુણી ભુખ તૃષાજ ભાગી;
દોડ્યાં સરવે દોટ દઇ, રમત જોવાને રીઝીયાં;
કહે પરબત પુરાના લોક સઉ, નાનાં મોટાં આવીયાં. ૧૦૧

દોહરા.

લોક ઘણા ભેગા થયા, જોવાને નીરધાર;
ઉમંગ છે ઉરમાં અતી, બેઠા હારોહાર. ૧૦૨
અંદર અંદર કે' સહુ, ખરો ખેલાડી યાર;
ખેલ શરૂ કયારે કરે, જોવાનો છે પ્યાર. ૧૦૩
એવે ખેલાડી ઉઠીયો, ધરી મોરલી હાથ;
મુખમાં ઘાલી વગાડતો, હરખ્યો સકળ સમાજ. ૧૦૪
તે વખતે શો શોભતો, જાદુગર પરમાણ;
દાઢી મૂછ નયનથી, કરશે શું એ જાણ. ૧૦૫
પગહસ્તીના થાંભલા, મગદળ સમછે હાથ;
પેટની દુંદ નીહાળીને, મન હરતો સૌ સાથ. ૧૦૬
ખેલ શરૂ તેણે કર્યો, લઇ વાઘરી હાથ;
કરશે શું વીસ્મય થયા, સકલ લોક મન સાથ. ૧૦૭
વચ્ચે નાંખી વાઘરી, વાઇ વાંસળી યાર;
ઠુંકે ડગલે ચાલતો, વાધ્યો સૌને પ્યાર. ૧૦૮
જંબુરો પાસે હતો, કહે બોલાવી તે;
કે બચ્ચા હુંશીયાર થઇ, કે' તે કરદઉ મેં. ૧૦૯
જંબુરો કે' ઉસકું, કરદો મોટા સાપ;

દુસરા મેં ઇચ્છું નહીં, હોય ખેલાડી આપ. ૧૧૦
દેખ બનાતા સાપ મેં, બચ્યા રખના ધ્યાન;
થયો નાગ તે એટલે, ભૂલ્યા સૌકો ભાન. ૧૧૧
પછીથી કરૂ કર લઇ, કહે ખેલાડી આપ;
રૂપાનાણું મેં કરૂં મુજ ગુરૂસેં પ્રતાપ. ૧૧૨
વાળી મુઠી એમ કહી, જડી ફેરવી એક;
પછી ઉઘાડી એટલે, થયો રૂપીઓ છેક. ૧૧૩
વીસ્મય સૌ જોઇ થયા, કહે ઉડાવો આપ;
કહે ખેલાડી દેખલો, ઉડાઊં ગુરૂ પ્રતાપ. ૧૧૪
વાળી મુઠી એમ કહી, જડી ફેરવી એક;
પછી ઉઘાડી એટલે, ગયો રૂપીઓ છેક. ૧૧૫
એમજ ખેલ અતી કર્યા, ખુશી થયો સૌ સાથ;
પછી ખેલાડી ગોટલી, બોલ્યો લઈને હાથ. ૧૧૬
ઉસકા અબ બનાઉંગીં સઉકા રખના ધ્યાન;
એવે સૌ ઉભા થયા, જોવાને નીદાન. ૧૧૭
કહે ખેલાડી બેઠ રહો, મત કરના તોફાન;
બોતા હું મેં ગોટલી, થશે અંબ ફળવાન. ૧૧૮

ચોપાઇ.

પછી શહુ બેઠા જેટલે, થયું એક કઉતક તેટલે;
મહાગર્વનો જે ધરનાર, શ્રોતા સૌ જાણોછો યાર. ૧૧૯
જાદુગર મારેછે માર, થયું જાણ તેને નીરધાર
મુક્કી મારતો તતપર થયો, ભુખ દુખ સૌ વીસરી ગયો. ૧૨૦
થયો ગર્વ ઘોડે અસ્વાર, ઝટપટ ઘરથી નીકળ્યો બા'ર;
ઉતાવળો ચાલે તે વાર, ચડાવતો મુછોના તાર. ૧૨૧
ક્યારે જઇ મનાવું હાર, ધારે મન મુરખ સરદાર;

વાવી ગોટલી પેલે ત્યાંય, શ્રોતા સૌ સુણજો શું થાય. ૧૨૨
નાખી ચાદર ઉપર એક, બજાવતો મોરલી વીશેક;
આગળ પાછળ ફેરા ખાય, જોનારા જોવા ચીતચા'ય. ૧૨૩
પછી મોરલી મુકી દીધ, ઝટ ચાદર ઉપાડી લીધ;
થયો ફુટીને આંબો સહી, પાછી ચાદર નાખી તહીં. ૧૨૪
જડી ફેરવી લઈને એક, ચાદર ઝટ ઉપાડી છેક;
બન્યો આંબ ગુલઝાર વીશેક, જોવા લાગ્યા સો એકમેક. ૧૨૫
વિસ્મય પામ્યા સૌ દીલમાં'ય, કહે કેરી કરશે હવણાંય;
જાદુગર ઝટ પેલો યાર, આવ્યો લેશ ન લાગી વાર. ૧૨૬
ચઢી હાંફ તેથી ત્યાં ઠર્યો, પછી બળે હોકારો કર્યો;
ખરે મેઘ જાણે ગડગડયો, સમાજ સૌ બીને ઉછળ્યો. ૧૨૭
પડયા એકની ઉપર એક, કોઈનું ત્યાં ચગદાયું પેટ;
નજર કરી પાછળ જેટલે, જાદુગર દીઠો એટલે. ૧૨૮
ચમકી ચીતમાં ઉભા થયા, આમ તેમ સૌ નાસી ગયા;
હતો એક દુંદાળો શેઠ, નાસે કે ઉછળે તે પેટ. ૧૨૯
પણ ભયને લીધે તે શેઠ, નાઠો સૌની પાછળ છેક;
પાછળ ફરીને જોતો જાય, દુંદ આગળ તેથી ન નસાય. ૧૩૦
રે જાદુગર પાછળ ધાય, તેને મંન એવી ચીંતાય;
નાસંતો હાંફંતો જાય, વળી એક ત્યાં કૌતક થાય. ૧૩૧

દોહરા.

દોડીને થાકી ગયો, ફીણુજ આવ્યું હોઠ;
એવે સામો આખલો, આવ્યો દેતો દોટ. ૧૩૨
મહા મસ્તાની આખલો, કોઇનો તે ખીજવેલ;
શેઠ ધુનમાં દોડતા, થયા તે ભેળાભેળ. ૧૩૩
એવે ઉચુ શેઠજી, જોઇ ઘણા ગભરાય;

આવ્યો પાસે આખલો, થર થર ધુજે કાય. ૧૩૪
પેઠાં શીંગજ પેટમાં, ચીરી દુદ નીરધાર;
શેઠસાબ ઉપર રહ્યા, કરતા મુખ પોકાર. ૧૩૫
હવે ખેલાડી જ્યાં હતો, થયો રંગમાં ભંગ;
જાદુગર ગરવે ભર્યો, લડે ખેલાડી સંગ. ૧૩૬
બચ્ચા દેખ બતાદઉં, આવ્યો છે તું આજ;
આવી પુરમાં આજ તેં, લીધી મારી લાજ. ૧૩૭
જાદૂગર કો આવતો, પછી કરતો ખેલ;
લુચ્ચા આડર માહરો, તોડયો છે તું છકેલ. ૧૩૮
મત કરતું પતરાજને, કહે ખેલાડી આપ;
લુચ્ચા બોલ વિચારીને, બચ્ચો તારો બાપ. ૧૩૯
એમ કહી લઇ ધુળની, મુઠી ભરી વીશેક;
જોતામાં કંકુ થયું, ધુળ મટીને છેક. ૧૪૦
જાદુગરને એટલે, અતી ચડી છે રીશ;
દાઢી ઝાલી ખરર દઇ, પાડયા રૂપીઆ વીશ. ૧૪૧
વારાફરતી એમ એ, કરવા લાગ્યા ખેલ;
કરે ખેલાડી કરણુ તો; પેલો કરતો કેલ. ૧૪૨
એમજ ખેલ અતી કર્યા, તંત્ર તણા કહું યાર;
એમમેક હારે નહીં, ચડે પેલાને કાળ. ૧૪૩
પછી મંત્રપર આવીયા, ચલવી ચોટ વીશેક;
ખેલાડી મન સમજીયો, આછે પુરો છેક. ૧૪૪
ઉરમાં અકળાયે અતી, આશું કીધું આપ;
કરતાં શું તો આ કરી, વળગ્યું મોટું પાપ. ૧૪૫
મનમાં એમ વીચારતો, કયારે છુટું હાય.
પેખી ચેલો આવતો, જાદુગર મકલાય. ૧૪૬

ચોપાઇ.

પાસે આવ્યો ચેલો જ્યાંય, રે' ઉભો કરી બોલ્યો ત્યાંય;
મનમાં જાણે છે ગોરજી ઉતારવો એનો ગર્વજી. ૧૪૭
તોતો મુજને શાંતી થાય, નામ ખરૂં મારૂં કહેવાય;
ધારી એમ કહે મનમાંય સંતાડી આ શું લઈ જાય. ૧૪૮
પાછળ પેલો કરે વીચાર, ખરો લાગ આવ્યો આવાર;
નવ જાણું જાદુગર જેમ, સટકી જાઉં છાનો તેમ. ૧૪૯

છપ્પો.

ડરી બીલાડા થકી, જાય નાશી ઝટ ઉંદર;
મેગળ નાશી જાય, સાંહ દખી દીલમાં ડર;
શેર થકી મૃગ ડરે, ગરૂડથી સર્પજ નાસે;
બીલ્લી શ્વાન થકીજ, અતી ઉરમાંહી ત્રાસે;
વળી બાજ થકા બગલું ડરે, ખેલાડી દીલમાં ડરી;
કહે પરબત સર્વ સમાલકે, દીધી ડોટ ત્યાંથી ખરી. ૧૫૦

ચોપાઈ.

રગજગ ચેલા સાથે કરે, ચેલો મૂખ થકી ઉચરે;
તારે શું પૂછાન કામ, હું જાઉ મારે મુકામ. ૧૫૧
એમ કહી ચાલ્યો જેટલે, જાદુગર બોલ્યો તેટલે;
રે' ઉભા ઝટ પડદો ખોલ, નહીંતો તુજ ઘટાડું તોલ. ૧૫૨
સુ લઇ જાય સાચું ભાખ, ખરો આવીયો આજે લાગ;
સદા કપટ તું આવું કરે, બનીયા લોકોકું છેતરે. ૧૫૩
રોજ માસ તુ લઇને જાય, છુપાવી કોયે ન કળાય;
ચઢી ચેલાન ઝાઝી રીસ, ગાળો દઇ વાળી દશવીશ. ૧૫૪
હું જાઉં વારીને આજ, તેમાં તારે શી પતરાજ;
નથા મારા એમાં નીરધાર, અનાજ છે મુરખ સરદાર. ૧૫૫

જાદુગર કે' બતાવ એહ, એમાં છે મુજને સંદેહ;
બતલાવે ચેલો જેટલે. થયું માંસ તેમાં તેટલે. ૧૫૬
પેખી ચેલો વીસ્મય થયો, સ્તબ્ધ થઇને ઉભો રહ્યો;
આતે શું કૌતક કહેવાય, તર્કવીતર્કજ મનમાં થાય. ૧૫૭
ખેલાડી પણ ખાઇ હાર, એનાથી નાઠો નીરધાર;
ખરે કંઇ જાદુગરપાસ, અતી થયો ઉરમાંય ઉદાસ. ૧૫૮

છપ્પો.

રહે ઉદાસી આપ, જેહ શીર શત્રુ ગાજે;
રહે ઉદાશી આપ, વ્યશન આવી કઈ બાજે.
રહે ઉદાશી આપ, કરી જે હોડજ હરે;
રહે ઉદાશી આપ, કલંક આવે અણુધારે.
વળી રહે ઉદાશી ઉરમાં, સુત જેનો વંઠી ગયો;
કહે પરબત પેખી માંશને, ચેલો એમ ગમગીન થયો. ૧૫૯

ચોપાઈ.

ફેંકી પાત્ર દઇ ચેલો ગયો, શોક ન તેનો જાયે કહ્યો;
મનમાં ધારે આશું થયું, વદન કમળ કરમાઇ ગયું. ૧૬૦
જાદુગરનું વાધ્યું જોર, કેવો મેં ઉતાર્યો તોર;
ઉરમાં એમ કરે વીચાર, ખેલાડીએ પણ ખાધી હાર. ૧૬૧
હવે નથી અવનીની માંય, મારા જેવો મોટો કોય;
ફુલી ફારકા સમ ફુલાય, ઉરમાં એ મલકાતો જાય. ૧૬૨

છપ્પો.

હરખે ઉરમાં આપ, છાપ મોટાની પામે;
હરખે ઉરમાં આપ, જીત શત્રુની સામે.
હરખે ઉરમાં આપ, વાંઝીયા મેણું ભાગે;
હરખે ઉરમાં આપ, રંકને કર ધન લાગે.

વળી હરખે ઉરમાંહે અત્રીક, હારી હોડ જે જીતીયો;
કહે પરબત જીતી જાદુગર, ઉરમાં એમજ હરખીયો. ૧૬૩

દોહરા.

અપાશરે ચેલો ગયો, હતો ગોરજી જ્યાંય;
ગદગદ કંઠે થઇ ગયો, બોલાયું નવ ત્યાંય ૧૬૪
મ્લાન પામેલું મુખડું, જોઇ ગોરજી આપ;
કહે કેમ ઉદાશીયો, છતાં મુજ પ્રતાપ. ૧૬૫
વળી પાતરૂં ક્યાં ગયું, કોણે લીધી શાખ;
પસ્તાવો ના લેશ કર, સાચે સાચું ભાખ. ૧૬૬
બોલ્યો ચેલો એટલે, કહે ગોરજી પ્રત્ય,
રસ્તામાં જેજે બની, ભાખું છું તે સત્ય. ૧૬૭
વોરી આજે આવતો, શેઠ ગલીની માંય;
લડે ખેલાડી સંગ એક, જાદુગર તે ત્યાંય. ૧૬૮
રે'છે તે આ પૂરમાં, ઉરમાં અતી છકેલ;
પેખી મુજને આવતો, બોલ્યો ગર્વ ભરેલ. ૧૬૯
રે' ઉભો ક્યાં જાયછે, પડદો તારો ખોલ;
લઈ જાયે સંતાડી શું. આજ ઘટાડું તોલ. ૧૭૦
સો છળ ભેદ એ જાણીયો, ઉરમા ધરી ઉમંગ;
રોજ માંસ લઈ જાય તું, ઠગતો શ્રાવક સંગ. ૧૭૧
સુણી શબ્દ એ ચમકીયો, ચઢી ગુરૂજી રીસ;
જાદુગરને દીધ મેં, ત્યાં ગાળો દશ વીશ ૧૭૨
અનાજ વોરી આવુંછું, તારે શી પતરાજ;
તેવે જાદુગર કહે, બતાવ મુજને આજ. ૧૭૩
કાઢી પાતરૂં મેં કહ્યું, જો મૂરખ સરદાર;
થયું તેટલે તેહમાં, ગુરૂ માંસ નીરધાર. ૧૭૪
ફૂંકી દીધું પાતરૂં, થયો ઉદાશી ઉર;
આવ્યો આપ કને અહીં, કહ્યું બન્યું જે પુર. ૧૭૫

ચોપાઈ.

સુણી ગોરજી બોલ્યો તેહ, સૌ કારણ જાણ્યું મેં એહ;
ચેલાને કહે કાલે સહી, તારે પૂરમાં જાવું નહીં. ૧૭૬
હું જઇને વેરી લાવીશ, તું દીલમાં દીલગીર ન થઈશ;
થયો દિવસ બીજો જેટલે, ગયો ગોરજી એ તેટલે. ૧૭૭
બેઠોછે જાદુગર જાણ, શેઠ ગલી વચ્ચે નીરવાણ;
ગટરપટરની વાતો કરે, ગર્વ થકી ઊંચો ઉછળે. ૧૭૮
એવે ગોરજી આવે સહી, દુરથી પેલે દીઠો તહીં;
ચીતમાં ચમકી ઉભો થયો, કાલ્લ કોણ હારીને ગયો. ૧૬૯
આતો કોઈ અવર દેખાય, કરે તર્ક એવા ઉર માંય;
પણ એના તે શાછે ભાર, નથી કોઇ મુજને જીતનાર.
મનાવવો એને પણ હાર, આવ્યો પાસે પેલો ધાર;
જાદુગર બોલ્યો તેવાર, રે' ઉભો કરી ગર્વ અપાર. ૧૮૧
છળભેદે આ શું લઈ જાય, સંતાડી મૂજને બતલાય;
પકડયો તો મેં કાલે એક, તું પણ પકડાયોછે છેક. ૧૮૨
જતી ત્વરાથી પડદો ખોલ, નહીં તો તુજ ઘટાડું તોલ;
કહે ગોરજી વેરી જાણી, તું કહેતો હોયતો સમ ખાણી ૧૮૩
સમ સાચા હું નવ જાણતો, રખે ઓરતો તું આણતો:
રોજ કપટ કરતા દેખાવ, વળી આજ આવ્યોછે દાવ. ૧૮૪
નવ છોડું હું તુજને આજ, તુજ કપટ દેખાડું આજ;
કહે જતી તારે શું કામ, હુ જાણીં મારે મુકામ. ૧૮૫
અનાજ એમાં ભરીયું સહી, રખે જાણતો બીજું કહીં;
જતી વીનયથી બોલે જેમ, પેલાનું વાધે બળ તેમ. ૧૮૬
માંસ લઇને જાયે આજ, વળી કરે સામો પતરાજ;
બતાવ ના કર ઝાઝી વાર, ચઢી જતીને રીસ અપાર. ૧૮૭
લેજો મૂરખના સરદાર, અનાજ છે કે માંસ ગુમાર;
બતલાવે કાઢી જેટલે, થયું માંસ તેમાં તેટલે. ૧૮૮

જાદુગરનું વાધ્યું જોર, કહે જતીને ઉતર્યો તોર:
હવે તુજ ડા'પણને ડાટ, જા ચેલા જોશે તુજ વાટ. ૧૮૯
જતી વેશ ધરવાને ધીક, ઇશ્વરની નવ આણી બીક;
ધીક ધીક તારો અવતાર, સુણી જતીને વાધ્યો કાળ. ૧૯૦
અરે અભાગા અંધો સહી, માથાનો કોઇ મળીઓ નહી;
ત્યાં સુધી તું ગર્વજ ધરે, નહીં તો નવ આવું ઉચરે. ૧૯૧
એમ કહી નાંખ્યો રૂમાલ, પાતરપર તેણે તતકાલ;
માંસ મટી પકવાનજ થયું, જો ખર એમ જતીએ કહ્યું. ૧૯૨
ચઢી પેલાને ઝાઝી રીસ, ગાજો દશ વાળી દશાીશ;
ભરી ધુળની મુઠી એક, કરીયું તેનું કંઠ છેક. ૧૯૩
કહે જતીને કર જે થાય, તારાથી છે બ્રહ્મહત્યાય;
સુણી ગોરજી બોલ્યો સહી, ગર્વ આટલો તું કર નહીં. ૧૯૪

છપ્પો.

મતકરના મગરૂર, ખબર નહી હે તુજ પલકી;
મતકરના મગરૂર, કવણુ જાનત હે કલકી.
મતકરના મગરૂર, પલકમેં રંક હો જાવે;
મતકરના મગરૂર, રંકપલ રાય કીલાવે
કહેવત પરબત નાહીં કર, મગરૂરી અંતરમહીં;
કદી મગરૂરી કરવા થકી, અમુલ જાન જાયે સહીં. ૧૯૫
ગર્વ કરે જન જેહ, તેહને ગુમાર જાણો;
ગર્વ કરે જન જેહ, તેહ પત્થર પરમાણો.
ગર્વ કરે જન જેહ, હજાર વશા તે હલકો;
ગર્વ કરે જન જેહ, ધીકછે તેનો મનખો.
વળી ગર્વવંત જે માનવી, શે જગમાંહી જનમીયા;
કહે પરબતશંગ જનુનીનું, જોબન હરવા આવીયા. ૧૯૬
જાદુગરને જવાળ, સુણી એ ઉઠી તનમાં;
કહે જતીને ડાટ, તાહરૂં ડા'પણ સનમાં.

નથી ચઢયો તું હાથ, બાથ બીડીછે આજે;
કર જે તુંથી થાય, જનમીયો તારે કાજે.
જાદુગર મુજ સમ મહી, નથી સાંભળ્યો મેં કરણ;
તુજ સમ લાખો મેં હેરવ્યા, મારે મન તું છે તરણ. ૧૯૭

ચોપાઇ.

કહે ગોરજી શું ફુલાય, તાતો આવો કાં તું થાય;
તું જા કહુંછું તારે સ્થાન, આપણ બેનું રે'શે માન. ૧૯૮

છપ્પો.

બાણાસુર જે જોધ, ક્રોધ તેનોજ શમાવ્યો;
બળીરાયનું નીમ, શીમ આણીજ દબાવ્યો.
વૃત્રાસુર અહંકાર, સુરપતીએજ ઉતાર્યો;
ઇંદ્રતણો અહંકાર, જરાસંધેજ ડુબાવ્યો.
ત્રીપુરાશુરને ત્રીલોચને, કૌરવને ભીમે હણ્યા;
કહે રામશંગ અવનીવીશે, ગર્વ કોઇના ના રહ્યા. ૧૯૯
લંકપતી દશશીશ, ઇશ વરદાનજ દીધું;
ચૌદ ચોકડી રાજ, કાજ રાવણનું સીધ્યું.
ધર્યો ઉર અહમેવ, હરણ સીતાનું કીધું;
દીધું સુર દ્વીજ દુખ, મરણ માગીને લીધું.
તે રણમાં રોળ્યો રામજી, દર્પ હર્યો દશશીશનો;
કહે રામશંગ અવની વીષે, ગર્વ રહ્યો નવ કોઈનો. ૨૦૦

ચોપાઇ.

માટે માન ન એમાં સાર, મીથ્યાવાદ કરે નીરધાર;
સુણી કહે જાદુગર યાર, ઉરમાં આણી ગર્વ અપાર. ૨૦૧

છપ્પો

બડ બડ બોલી બોલ, ડરાવે શું તું વારૂં;
એક પલકની માંય, માન ઉતારૂં તારૂં;
દેશ કામરૂ જાણ, જેહની અવની હાકે;

સુણી તેહ મુજ નામ, ધરૂ જે મારી ધાકે.
વળી મંત્ર જંત્રને તંત્રના, ભર્યા ખેલાડી જે લડયા,
તે હારી હામ કરજોડીને, પોક મુકી મુકી રહ્યા. ૨૦૨

દોહરો.

તો કે તારા બારશા, લડી શકે મુજ સાથ:
સુણી જતી ત્યાં બોલીયો, ના ભર મોટી બાથ. ૨૦૩

છપ્પો.

કુંભ કરણુ મહાકાળ, તેહ માંકડવત માર્યો;
ઇંદ્રજીત મહા જોધ, તેહ ચાંચડવત ચોળ્યો;
અહીમહી બળીયા જેહ, તેહનું કંઇ નવ ચાલ્યું;
જોરાવરનું જાણ, અહંકારે ધર ધાલ્યું.
એમ ગર્વ સર્વ ના ઉતર્યા, કાં નર વાંનર સુરપતી;
રામશંગ કહે નવ રહ્યો, ગર્વ કોઇનો એ રતી. ૨૦૪

દોહરા.

તો કાંતુ ગરવજ ધરે, તારા તે શું ભાર;
ઉછાંછળો હોયે અતી, ખાય કોઈ દીન માર. ૨૦૫
બસ બસરે તું બોલતો, જાદુગર કહે આપ;
એમ કહી કરણુજ કરી, બતાવ તુજ પ્રતાપ. ૨૦૬
જતી સુણીને મન વીષે, ઉભો કરે વીચાર;
ફાટયો અહમેવે અતી, મુરખનો સરદાર. ૨૦૭
નથી પ્રીછતો ઉરમાં, હોય સવાયો શેર;
વળી ઉરમાં નવ આણુતો, થાશે શું મુજ પેર. ૨૦૮
ધોની જાતજ જયાહરે, મરવાની તે થાય;
જાય વાધરી વાડમાં, દીલમાં નવ ગભરાય. ૨૦૯
વળી વીનાશ કાળે સહી, બુદ્ધી વીપરીત હોય;
અગમ નીગમ તે નવ કદી, દીલ વીચારી જોય. ૨૧૦
એમ કરે આ જાદુગર, નવ માને લવલેશ;

ઉલટો ગર્વ અતીધરે, આણીને ઉર દ્વેશ. ૨૧૧
મારે આ વેળા સહી, ઉતારવો અહંકાર;
નહીંતો બીજા કોઇની, લે ઇજત નીરધાર. ૨૧૨
એમ કહી અંબજ કર્યો, જોતામાં ગુલજાર;
કેળ કરી જાદુગરે, તે વેળા નીરધાર. ૨૧૩
પરભોગી તેવે જતી, કરી દીધો તતકાલ;
પેલે કીધો મોગરો, યાર સુગંદીદાર. ૨૧૪
એમ એક મેકે અતી, કીધા ખેલ અપાર;
પણ તેમાંથી કોઈ ના, પામે લેશજ હાર. ૨૧૫
પછી મંત્રપર આવીયા, ચઢયો જતીને કાળ;
ફેંકી દાણા ફુંક દઈ, પેલો ચુકવે ફાળ. ૨૧૬
જાદુગર જેવે કરે, બડબડતો કંઈ મુખ;
જતી પેટ કર ફેરવે, જાણે લાગી ભૂખ ૨૧૭
વળી ફફડાવી હોઠને, જતીએ કંઈ એક કીધ;
ચુકયો જાદુગર ખરે, પડયો પૃથ્વીમાં ધીબ. ૨૧૮
આળોટી ઉભો થયો, પછી પછાડી લાત;
પેલે છેડો આમળ્યો, ગુલાંટ ખાધાં સાત. ૨૧૯

ચોપાઈ.

એ રીતે અજમાયશ કીધ, જતીયે મંન વીચારી લીધ;
કીધો લાવી રીસ અપાર, જાદુગર બંદર નીરધાર. ૨૨૦
લે તારી માગે છે કાય, કરજે જે તારાથી થાય;
એમ કહી ચાલંતો થયો, જતી નીજ મૂકામે ગયો. ૨૨૧
બંદર પેલો થયો ગમાર, પુર જનો મારેછે માર;
સૌ સૌની કાઢેછે રીશ, બંદર પાડે ચીશે ચીશ. ૨૨૨
બૈરી ઘેર કરે વીચાર, જાદુગરની કહુ નીરધાર;
હમણાં રોયો ઓ આવશે, વગર ગુને મુને મારશે. ૨૨૩
થઈછે બે લાંઘેણો આજ, કહી એમ બેઠી દળવાજ;

ઝટપટ લોટ કર્યો તૈયાર, ચીતમાં છે મોટો ચમકાર. ૨૨૪
રખે લોટ વાંદર ખઈ જાય, એને મન એછે ચીંતાય;
તેણે શું કરીયું તેવાર, રીશ કાઢવા અપરં પાર. ૨૨૫
ભરી ટોપલી લોટે સહી, તેપર ફાંદો માંડયો તહી;
પછી વેગળે જઇ બેઠી, બેઠી લાગ તપાસે સહી. ૨૨૬
પીટયો આવેછે જો હાથ, તો રાખું નહી કશી કચાશ;
ઉરમાં એમ કરે વીચાર, લઇ સાબેલે ભાગુ હાડ. ૨૨૭
મરના સુધી મુંકુ નહીં, એવે થયું એક કૌતક તહી.
જાદુગર બંદર આવીયો, ખાવા લોટ તહાં લાગીયો. ૨૨૮
ભૂખ્યો બે દીવસનો સહી, કાચું પાકું જોયું નહીં;
પાછળ ભાળી જુએ નાર, બંદરને દીઠો નીરધાર. ૨૨૯
તેવી હળવે રહીને છેક, ખેંચી દોરી તેણે નેટ;
ઝટ ફાંદે પકડાઈ ગયો, બેય બાકળો પેલો થયો. ૨૩૦
શ્રોતા સૌ જાણોછો યાર, એ બંદર એનો ભરથાર;
પણ પેલી મંન પ્રીછે નહીં, જાણે પેલો બંદર સહી. ૨૩૧
સ્તંભે બાંધ્યો કરીને જોર, આજ બધો ઉતારૂં તોર;
ઘણા દીવસની કાઢું દાઝ, પીટયા પકડાયોછે આજ. ૨૩૨
ઘણો લોટ તું ખાઈ ગયો, રાતો માતો અંગે થયો;
મનમાં એમ કરે વીચાર, ક્રોધભરાઈ પેલી નાર. ૨૩૩
લઈ સાંબેલુ દીધી દોટ, કીધી તેના શીરપર ચોટ;
કર્યો ઘાવ તેણે જેટલે, પાડી ચીશ પેલે તેટલે. ૨૩૪
મર્કટ રૂપ ટળીને ગયું, તરત રૂપ દેવ શી થયું; ૨૩૫
પેખી નારી વીસ્મય થઇ, સ્તબ્ધ થઈને ઉભી રહી. ૨૩૫
કહે પછી કર જોડી નાર, માફ કરો મુજ વાંક અપાર;
તમે કોણ મર્કટ કયમ થયા, કો અબળાપર આણી મયા. ૨૩૬
કે' પેલો હું તુજ ભરથાર, આગળ દેવ હતો નીરધાર;
મર્કટ કેમ થયો સુણ વાત, સંભળાવું તુજને સાક્ષાત. ૨૩૭

દોહરા.

એક સમે સ્વર્ગાપુરી, થઇ સુરલોક મભાય;
જાવાને મેં ત્યાં ખરે, ધરી ઉર ઈચ્છાય. ૨૩૮

મારગમાં મુજને મળ્યા, ભૃગુરૂષી સુણ નાર;
નનાં બાળક બીમરે, અદભૂત દેહ અપાર. ૨૩૯

જટા તણી શી કહું છટા, પાં ણ ગજગજ ધાર;
રજ ઉડીને અંગપર, ચોટીતીજ અપાર. ૨૪૦

દઢી ઝાડી આગુની, દેખીતી વીકરાળ;
તોશું કે'વું મુછનું, પૂંછ સમી તે ધાર. ૨૪૧

હતા સમાધીમાં રૂષી, જોઇ શરીરે ધૂળ;
આદી રૂપ નીહાળીને, હસવું આવ્યું ઉર. ૨૪૨

રૂપ અનોપમ માહરૂં, જોતાં થંભે સુર;
નમ્યો ન રૂષી રાયને, આણી ગરવજ ઉર. ૨૪૩

પછી જાઉછું જેટલે, બોલ્યા તે રૂષીવર;
દુષ્ટ ગર્વ તેં મન ધર્યો, થાજે જાદુગર. ૨૪૪

ક્રોધ કરી દીધો મુને, શ્રાપ રૂષીએ જાણ;
બોલ્યો કરજોડી પછી, માફ કરો નીરવાણ ૨૪૫

આજીજીજ અતી કરી, ત્યારે બોલ્યા નેટ;
ગર્વ સર્વ ઉતારશે, તારો ગોરજી એક ૨૪૬

મર્કટરૂપ થશે સહી, પરણી તારી નાર;
સાંબેલું શીર મારશે, અસલ થઈશ નીરધાર. ૨૪૭

તેથી જાદુગર થયો, તું થઇ મારી નાર;
ઉખળ આ તેં મારીયું. થયો મૂજ ઉદ્ધાર. ૨૪૮

હવે જાઊછું સ્વર્ગમાં, એ તારો ઉપકાર;
બેસી વૈમાને પછી, ગયો સ્વર્ગ નીરધાર. ૨૪૯

માટે મારા મીત્ર સૌ, વીચારો દીલ વાત;
પાપી મટો પવીત્ર થઇ, ભલા થાવની બાત. ૨૫૦

કૌરવ કેરા કુળનાં, મૂળ ગયાં મરડાઇ;
અહંકાર કરનાર નર, દુષ્ટો ગયા દળાઇ. ૨૫૧
માટે ગર્વ સરવ તજો, નથી એહમાં માલ;
રોળાયા રાવણુ સમા, ઘણા થયા બેહાલ. ૨૫૨
સાહાબાદ શોભીત સદા, ભરૂચ તાલુકા માંય;
નીરમળ નીર વહે સદા, રૂદ્રદેહાનું ત્યાંય. ૨૫૩
શેવક શીવ શકતી તણા, **પરભત** ને **રામશંગ**;
રૂડું **જાદુગર** રચ્યું, ઉરમાં ધરી ઉમંગ. ૨૫૪
ઓગણીસો ઓગણપચા, સંવત વીક્રમ સાલ;
ભાદરવા વદ નોમ દીન, પૂર્ણ કર્યુ ધરી વા'લ. ૨૫૫
શ્રોતા વકતા સમજતા, કહે કવીતા કરજોડ;
એકવાર બોલો સહુ, જય જય શ્રી રણછોડ. ૨૫૬

સમાપ્ત.

કોને ધીઃક્કાર છે.

મનહર છંદ.

ધરામાંય જનમી ધરણીધર ગાયા નહીં;
એવા નરના તે અવતારને ધીઃક્કારછે.
નર જે અભણુ કાળા અક્ષરને કુટી મારે;
કરેછે છેલાઇ તે છેલાઈને ધીઃક્કારછે.
માબાપ થઇને નીજ કેળવે ન તનુજને;
થનારછે એવા તે માબાપને ધીઃક્કારછે
કામની થઇને પતી સેવના કીધીજ નહીં;
કહે **પરભત** એવી ત્રાવાને ધીઃક્કારછે. ૧
ઘરમાંય ઘેંશ નહી દેવું કરી નાત કરે;
એવી નાતના તે કરનારને ધીઃક્કારછે.

બ્રાહ્મણ થઈને નીજ ધર્મને પીછાને નહીં;
એવા એક જાણો તે બ્રાહ્મણને ધીઃક્કારછે.
રૂપ અદભૂત હોય તેમાં જો નાશીકા નહીં;
રડે શું એ રૂપ લઇ રૂપને ધીઃક્કારછે.
કરેજ કાવ્ય કોઇ તેમાં રસ અલંકાર નહી;
પરભત કહે રચનારને ધીઃક્કારછે. ૨
રણમાં ચઢીને પછી દળ દેખી દીલ ડરે;
એવા નર તણા અવતારને ધીઃક્કારછે.
રાખી પરનારી અને ધનતો ઉડાવે તેમાં;
એવા વ્યભીચાર કરનારને ધીઃક્કારછે.
દામ ખાય નીજ તણો ભુડું ભાખે આપણું;
એવા નીમકહરામ સીપાઇને ધીઃક્કારછે.
કવીજન થઈ અને નીજનાં વખાણ કરે;
પરભત કહે એવા કવીને ધીઃક્કારછે. ૩
પાસ મળે દામ નહીં ઉટાંગ અનેક કરે;
નાગી કરે છેલાઇ છેલાઈ તે શા કામની.
ભાઇબંધ થઇને જે કપટ કરેજ તેમાં;
ધૂળ પડી એ ભાઈબંધાઇ તે શા કામની.
સગાં માવ અને બાપ ત્રીયા સહુ દુર રહે;
મરણ સમેજ એ સગાઈ તે શા કામની.
કહે **પરભત** એમ આપથી બને ન કાંઈ;
પાછળથી કરે જે બડાઈ તે શા કામની. ૪

કદળી પ્રબંધ.

પેખી કર કામનીને બેભાન બનીને વીર;
તેને ચુંબન કરી શું ઘણો ખુશ થાયછે.
અંગની ખરાબી તારી એજ કરનાર જાણ;

વીષય ઞતી કરી શું ઘણો ખુશ થાયછે.
ગરથ ગુમાવી બેઠો પ્રીયા તણા સંગમાં તું;
ભવાઈ ભુંડી કરી શું ઘણો ખુશ થાયછે.
કહે **પરભત** મુંઃ વનીતા વરેલી તજી;
ધીક્ક પ્રીતડી કરી શું ઘણો ખુશ થાયછે. ૫
માંચામાં જે મોંઘો તને મણીરત્ન મળ્યો પણ;
મુકુંદના નામની તું મોઝ મન માણીલે.
રખે વીર માયાના નાટમાં ફસાઈ પડે;
અંગહરી રંગની તું મોઝ મન માણીલે.
મુકીને પ્રપંચ કર સુગુરૂ તણોજ સંગ;
જ્ઞાનના ગુલાલની તું મોઝ મન માણીલે.
કહે **પરભત** જેથી કાયાનું કલ્યાણ થાય;
ઘટમાં ગોવીંદની તું મોઝ મન માણીલે. ૬

જીવને ઉપદેશ. ભુજંગી છંદ.

કરી વીનતી ગર્ભમાં કષ્ટ પામી, હરીની હવે થઈ તું બેઠો હરામી;
દીધો કોલ ને કેમ દેછે વીસારી, ગતી કોણ થાશે અલ્યા જીવ તારી. ૧
રહ્યો ખંડ માસે અરે ગર્ભમાંતું, નીચે મસ્તકે તો જરા શીખલાતું;
ફરી જન્મ લેવા રહ્યોતો પોકારી, ગતી કોણ૦ ૨
અરે ઓ કૃપાળુ મૂકાવો દુઃખેથી, ખરે ભાખતો તે સમે તું મુખેથી;
ફરી જન્મ આપ્યો તથા દેવી સારી, ગતી કોણ૦ ૩
લીધી આખડી આકરી કરગરીને, કરેછે હવે ગર્વ ચીત્ત ધરીને;
કીધા પાપના પુંજ તેં ભારી ભારી, ગતી કોણ૦ ૪
ગયો મોહ માયા મહી જીવ ફુલી, હવે તું હરામી ગયો સર્વ ભૂલી;
નહીં આવશે મા પીતા સંગ તારી, ગતી કોણ૦ ૫
મણીરત્ન આવે નહીં આ ફરીથી, કરી લે સગી તું સગાઈ હરીથી;
ટળે જન્મમર્ણ જરા જો વિચારી, ગતી કોણ૦ ૬

ચહેછે અતી ચંદને જો ચકોરા, શીખંડી ચહે ચીત્તમાં ધનઘોરા;
તથાપી ન ચિત્તે ચહે તું મુરારી, ગતી કોણ૦ ૭
પડી કામની પાસમાં તું ફસાયો, ઘડી એક ગોવીંદને તેં ન ગાયો;
વરી કામની કામની તે વીસારી, ગતી કોણ૦ ૮
કરી ભક્તી ભાવે જો નૃસિંહમેતે, બીજા આદિ ભક્તો ભવાબ્ધ તર્યા તે;
સૂધાની ખરી ખાણછે ગીરધારી, ગતી કોણ૦ ૯
રટી લે રટી લે હરા ઉર ભાવે, સુગુરૂ તણે પાસ જા ભેદ પાવે;
દીધી શીખ સારી ઉરે લે ઉતારી, ગતી કોણ૦ ૧૦
અરે મીત્ર મારા સુણો વાંચનારા, કરો નિત્ય પાઠે દશે છંદ સારા;
ટળે પાપ પ્રીતી કરો રામશંગે, રચ્યાછે રૂડા છંદ પરબતશંગે ૧૧

ગરબી–તાલ–દાદરો.

મુજને રોકોમાં છેલા નંદનારે, મહીં વેચવા જવુંછે મારેઆજ;
મારા રાજ, છોડોને છબીલા છેડો માહરોરે, ભલા મૂજને. ૧

વેળા વટી જશે ગોરસ મારૂં નહીં ખપેરે,
વાટ જોશે સોળ સખીનો સમાજ. મા—
પાછી જાઉનો સાસુજી ઘેર ખીજશેરે,
મૂને દેખી આણે દીલડામાં દાઝ. મા—
નહી ખેંચશો છબીલા છેડો ફાટશેરે,
દીઠા દીઠામેં તમને દગાબાજ. મા—
મુકો નહીનો ગાળ ખાશો મારા મુખનીરે,
એમાં રે'શે કહો તમારી શી લાજ. મા—
પરબતના સ્વામી સુણો કહું કયારનીરે,
નહી સરે એમ રોકે વાટ કાજ. મા—
મોરલી મધુરી સુની મેં ભઈ બેહાલરે,
મેંભઈ બેહાલ કાન, ના રહી કંઈ શુદ્ધશાન,
મોરલી મધુરી સુની મેં ભઈ બેહાલરે. ટેક—

રહીન હૈગે પ્યારી હામ, ભૂલી જરૂર સદન કામ;
ઠરી ન બેસે મન ઠામ, પ્રગટી મદન જ્વાલરે. મો—
ના બજાવ ના બજાવ, મોહન મારે મે'લ આવ;
લાવી દીલમાંરે ભાવ, કહુંછું નંદલાલરે. મો—

ઠુમરી.

સુન સખી કહું કાન ધરી, કરી કષ્ટ ગાયો નાગર નટરે. ટેક—
મધુરી મધુરી મોરલી બજાવે, કહાન કુંવર જમુંના ત્રટરે.—
કાંન્તી શ્યામ સુશોભીત લાગે, કેશરી કટ પીળો શીર પટરે. સુ—
વદન કમલ પ્રફુલીત જૈસેં, હસત મધુર બંસી બટરે. સુ—
સુનત ધુન મોરલીકી સખી દીલ, ભટરે દીવાની મેં પનઘટરે. સુ--
પરબત કે પ્રીતમ એહી કરકે, પંથ લીયે મથુરાં કો કટરે. સુ—

ગરબી.

કાલંદ્રીને કાંઠડે, કાના મોરલીયું ન બજાવ.
મોરલી સુનત મેં હોતી દિવાનીરે,
બલાજી જાની જાની ન દીલકું દુભાવ. કાલંદ્રી--
એરે બંસીહે બનકી લકડીયાંરે,
બલાજી ઉનકું સુનકે ભઇ હું બેહાલ. કાલંદ્રી--
સાસુ નનંદ મોરી આને ન દેતીરે,
બલારે નાજીના હમસેં તુમ સુનાવ. કાલંદ્રી—
પરબતના સ્વામી માનો શીખ મોરી,
બલાજી મોકું હંયે ન હોરી જલાવ. કાલંદ્રી—

ગજલ. ૧

નહી નંદલાલ તેરે કુછ ઠીકાના,
ઘાટ જમુનાપે બડે ઠાઠ મચાના. ના—
મધુર મધુર મોરલી મુખસેં ન બજાના.
સુનત સુનત હોતા હે મુજ દીલ દીવાના—
પહીલેસે કરી પ્રીત પીછે હુવા પરતાના,

એહ્રી તુમસેં ન ઘટે છોડકે જાના. ના—
તુજે મીલનેકુ પ્યારે કરૂં મેં બહાના,
કરી તુને પ્રીત અવર જાની કહાના ના—
હુઈ તકશીર કુછ તેહી બતાના,
ખીંચા હમસેંન તેરે નેન શીરાના. ના—
ઘાટ જમુનાપે મત કરોહ્રી ધીંગાના,
પરબત કે પ્રીતમ હમસેંન બોલાના—

અંબાજીની સ્તુતી. રાગ ગરબી.

મહાદેવીરે અર્જ કરૂં તે સ્વીકારો, મમ કષ્ટ તે સર્વ નીવારો,
અંબાજીરે હુંછું દાસ તીહારો, મમ કષ્ટ તે સર્વ નીવારો.
ઝુલ—તમે મહિખાસુરને મારીરે, ચંડ મુંડાદિક સંહારીરે;
કીધા દેવ અતિ ઉપકારીરે, અંબાજીરે. મમ. ૧
કરોછો સેવકની સહાયરે, તમ દર્શનથી દુઃખ જાયરે;
નિજ કૃપાથકી સુખ થાયરે, અંબાજીરે. મમ. ૨
સુંદર છે સિંહાસનરે, અષ્ટાદશ ભૂજ પાવંનરે;
કર ખડ્ગ આર વિનાશનરે, અંબાજીરે. મમ. ૩
છો દુઃખ ટાલણ સુખદાતારે, થાય સેવ્યેથી સુખ શાતારે,
છો અભયવરની દાતારે, અંબાજીરે. મમ. ૪
રૂડી કુમ કુમ આડ બીરાજેરે, કર માંહે ત્રીશળ છાજેરે;
તે પેખી અસુરદળ ભાજેરે, અંબાજીરે. મમ. ૫
આરાસુર આપ વસોછોરે, દીનમાં ત્રણ રૂપ ધરોછોરે,
સેવકપર કૃપા કરોછોરે, રામશંગજરે માજી દાસ તીહારો. મમ૬

કેફીની સ્રીની સખી પ્રત્યે ઉક્તિ.

લાવણી.

તેરી ઉલ્ફતમેં હુવે બદનામ એ રાગ.
અરે શું કહું દુખ આવાર, સખી મુજ નેત્ર વહે જળધાર;

કહું શું વીધાતાનો વાંક, કર્મે મુજ વાળ્યો આડો આંક.
(સાખી) બેની તું તો સૌ જાણેછે, કેફી જેનો કંથ;
જન્મ તેહનો વૃથા જાણવો, નીશદીન તેને ચંત,
મુર્ખ મુજ કંથ કેફી નીરધાર, સખી. ૧
કરેછે નીત્યે કેફ અપાર. જોઈ જોઈ બળું મન મોઝાર;
બેન દુઃખની તે કહું શી વાત, મળ્યો એ ધણી મુને કમજાત.
(સાખી) નીશા કરે દીનમાં ત્રણ વેળા, નહીં શરીરનું ભાન;
સંસારીક સુખને નવ ઇચ્છે, કેફ માંહે ગુલતાન,
જાણે સુલતાન દીલીનો શાહ. સખી. ૨
કેફીને કામવાસના નહીં, મારૂં જોબન જાયછે વહી;
કયી પેરે કાઢું દુઃખ દિન, દિવસો રાત કેફમાં લીન
(સાખી) બીજા સુઘડ પુરૂષોને પેખી, વીહવળ મુજ મન થાય;
પણ કુળની લાજ ધારીને રહીછું, નથી કરતી અન્યાય.
ધીક બળ્યો એ મુજ અવતાર, સખી. ૩
મુજને તો ગણેન લેખામાંય, કે'શે જા તારા પીયરની માંય;
અહી શું કરવા રે'છે નાર, ખાઈશ તું મારા હાથનો માર.
(સાખી) એમ કહીને ત્રાડે મુજને, કાડે ઘરથી બહાર;
કદાચીત જો બોલું સામું, તોતો મારે માર;
એવો રાખેછે મુજપર ખાર, સખી. ૪
માત પીતાએ કરીયો કેર, બાળપણમાં નવ દીધું ઝેર.
થાત મૃત્યુતો પામત સુખ, આવું નવ પામત કદીએ દુખ.
(સાખી) **રામશંગ** કે સાંભળ નારી, કહું વાત સુણ કાન;
લીખ્યા લખસો નહી ટળનેકા, ધર ધરણીધર ધ્યાન.
હવે ના કરતી શોક લગાર, સખી. ૫

—સમાપ્ત.—

જાહેર ખબર.

સર્વ સાહેબોને ખબર આપવામાં આવેછે કે અમારાં રચેલાં પુસ્તકો નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમતે તથા વેલ્યુપેબલ કરી મોકલવામાં આવશે. નોટપેડ પત્ર લેવામાં આવશે નહી. જોઇએ તેમણે નીચેના શીરનામે લખી મંગાવી લેવાં. કીમત વ્યાજબી લેવામાં આવશે.

પુસ્તકનું નામ.	કિંમત.	પોષ્ટેજ.
જાદુગર (રમુજી વાર્તા)	૦—૩—૦	માફ.
સાર્વજનીક દીલપસન ગાયન		
(પ્રથમભાગ)	૦—૨—૦	૦—૦—૬
શંગીત રામાયણ નાટક.	૦—૬—૦	૦—૦—૬

અષ્ટાંકી સેંકડો રાગથી ભરપુર એક રમુજી ફારસ સાથે છપાયછે.

શુકલતિર્થ મહાત્મ ગરબાવળી. હવે પછી	૦—૨—૦	૦—૦—૬

ગ્રંથકર્તા.

ઝઘડીઆર તા. ભરૂચ.	પરબતશંગ હમીરશંગ તથા
પોષ્ટ—થમારગામ.	રામશંગ માનશંગ.

બેમાંથી એકના નામપર પત્રવ્યવહાર કરવો અગર બુકસેલર **કાશીરામ જેઠાભાઈ (સફુણવાળા). મુ. ભરૂચ. ઠે. હાજી-** ખાના બજાર.